# જામીનખત નમૂનો

(રૂ.૩૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર)

(૧) આ લેખ ઉપરથી ........................................જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને જણાવું છું એ, હું ..............................................................................રહેવાસી:................................................................................................................ ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ નં. પીઆરઇ/ ૧૧૨૦૧૭/સીંગલ ફાઇલ- ૬/ક, તા.૨૨/૦૩/૨૦૧૭ માં દર્શાવેલ શરતોને આધીન રહીને તેમજ વખતોવખત થનાર સૂચનાને આધિન રહીને શિક્ષણ સહાયક તરીકે નોકરીમાં દાખલ થયા પહેલાની અને પાછળની...............................................જિલ્લાની ..........................................તાલુકાની .............................................................................. શાળામાં શિક્ષણ સહાયક તરીકેની જગ્યા પર નિમણૂંક માટે પસંદ કરાયેલા ઉમેદવાર (ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી (હવે પછી અહીં સરકાર તરીકે ઉલ્લેખ કરાયેલ છે) અને સંદર્ભથી અન્યથા જરૂરી બનાવ્યું ન હોય તે સિવાયના જે શબ્દ પ્રયોગોમાં તેમના ઉત્તરાધિકારીઓ અને નામફેર કરી લેનારાઓનો સમાવેશ થાય છે.) તરીકે સરકારને રૂ.૩,૦૦,૦૦૦/-અંકે રૂપિયા ત્રણ લાખ પુરાની રકમ ચુકવવા માટે નીચે જણાવેલ વિગતે આ લેખથી જવાબદાર બનું છું અને તેને માટે મારી અને મારા વારસો, મૃત્યુ પત્ર ચલાવનારાઓ, વહીવટકર્તાઓ અને કાયદેસરના પ્રતિનિધિઓને બાંધુ છું.

(૨) આ યોજના દ્વારા મને ખ્યાલ આપવામાં આવ્યા પ્રમાણે દિવ્યાંગ ખાસ ભરતી ઝુંબેશ-૨૦૨૫ અંતર્ગત બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની તા.૦૧/૦૩/૨૦૨૫ની જાહેરાત અન્વયે ........................................જિલ્લાના .................................... તાલુકાની ............................................................................................. શાળામાં શિક્ષણ સહાયક તરીકે નિમણૂંક આપવામાં આવતાં નિમણૂક હૂકમની શરતો મુજબ હું તા.......................................... ના રોજ નિમણૂક મેળવવા હાજર થયેલ છું. શિક્ષણ વિભાગના તા.૨૨/૦૩/૨૦૧૭ ના ઠરાવ મુજબ શિક્ષણ સહાયકની ભરતી પ્રક્રિયામાં નિમણૂક મળ્યાના ત્રણ વર્ષની અંદર તે જ સંવર્ગની જગ્યા માટે ઉમેદવારી ન કરવા માટેની જોગવાઇઓ નક્કી કરવામાં આવેલ છે જેનું હું પાલન કરીશ.

હવે ઉપર લેખિત જામીનગીરીની શરત એવી છે કે, આ યોજના (જે યોજના આ લેખના ભાગરૂપ ગણાશે) માં જણાવ્યા પ્રમાણે મારે પાલન કરવાના બોલ તથા બજાવવાની શરતોનું હું વિધિસર અને નિષ્ઠાપૂર્વક પાલન કરીશ તથા બજાવીશ તો ઉપરની જામીનગીરી રદ થયું ગણાશે. જામીનગીરીમાં આપેલ શરતો મુજબ હું મારી કરજ બજાવું નહી તો આ જામીનગીરી પુરેપુરી અમલમાં અને અસરકારક રહેશે.

પરંતુ હક્ક અને ઉપચારોને બાદ લાવ્યા વગર આ જામીનગીરી હેઠળ અગર ચુકવવાની રકમ જમીન મહેસુલની બાકી વસુલાત તરીકે મારી પાસેથી જો હું જામીનગીરીમાં દર્શાવેલ રકમ ભરવામાં નિષ્ફળ જાઉં તો મારા જામીન પાસેથી લેવાની સરકારને છૂટ રહેશે. જેની શાખરૂપે મેં આજ રોજ સને. ..માહે માસની તારીખે જામીનગીરી પર મારી સહી કરી છે.

ઉપર જણાવેલ નામવાળાએ નીચેનાની હાજરીમાં સહી કરી અને સોપ્યું.

ઉમેદવારની સહી

ઉમેદવારનું નામ :

રહેઠાણનું પુરેપુત્ર સરનામું:

ગામ..............................તાલુકો..............................જિલ્લો..............................

સાક્ષીઓની સહી

૧) સહી

નામ:

રહેઠાણનું પુરેપુરૂ સરનામું:

ગામ ..............................તાલુકો..................................જિલ્લો..........................................

૨) સહી

નામ:

રહેઠાણનું પુરેપુરૂ સરનામું:

ગામ ..............................તાલુકો..................................જિલ્લો..........................................

મારી રૂબરૂ

જિલ્લા શિક્ષણાધિકારી